# કલમ કડછી બરછી

બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

માર્ચ–૨૦૨૩ વર્ષઃ ૫૯
વર્ષ : જાન્યુઆરી થી ડીસેમ્બર વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



## આવી શકે તો આવ...

હૈયે છલકતું વ્હાલ લઈ ને,
હાથમાં મુઠી ગુલાલ લઈને
આવી શકે તો આવ!

દુઃખ સઘળા ઓગાળી દઈશું,
સુખના છાંટણા બે ચાર લઈશું
ભેદ બધાય ભુલાવી દઈશું,
હેતનો હેતથી જવાબ લઈને
આવી શકે તો આવ!

જિંદગીને રંગોથી ભરી લઈએ,
સુખ દુઃખને ચાલને વહેંચી લઈએ,
ખબર અંતર પણ પૂછી લઈએ
ભીતરેથી લગીર ભીજાઈ જઈએ,
ભીની લાગણીઓ અનરાધાર લઈને,
આવી શકે તો આવ!

સ્મૃતિઓ મધુરી સંઘરવાને
ગીત બેચાર ગણગણવાને
સુખની ક્ષણો વાગોળવાને
આંખે ખુમાર ફેર ભરવાને,
સંતાડેલા બધાય ઉમંગ લઈને,
આવી શકે તો આવ!

– મેહુલ ભટ્ટ, અમદાવાદ.

ચાલતા યંત્રે..

તાજેતરમાં હોટલ 'લીલા' ખાતે 'નાગર સભા' યોજાય ગઇ. 'શા માટે નાગરો જુદા તરી આવે છે' તેના વૈચારિક મંથન અંગે હતી. કોના લાભાર્થે,ઉદ્દેશ,ફલશ્રુતિ શું? જેવા પ્રશ્નના જવાબ/ માહિતી મળશે તો પ્રકાશિત કરીશું.હાલ તો ગુ.સ.માં આવેલ અહેવાલ સાભાર પ્રકાશિત કરી રહયા છીએ.પત્રકાર શ્રી હસિત મહેતાએ કકબનો નામોલ્લેખ કરી ગૌરવ બક્ષ્યું.તેમનો આભાર.—તંત્રી.

## 'નાગર સભા' : જ્ઞાતિના વ્યક્તિવિશેષોની વિચારગોષ્ઠિ યોજાઈ

# 'કલમ, કડછી અને બરછી'માં અગ્રેસર નાગરો જ્ઞાતિ નહીં એક વિચારધારા છે

અમદાવાદ, તા. ૨૫

દીઓથી નાગર જ્ઞાતિનું વહીવટ, શિક્ષણ, સલાહકાર, સાહિત્ય, પત્રકારત્વ, ન્યાય, તબીબી વ્યવસાયથી માંડીને સંગીત અને નાટ્ય ક્ષેત્રે આગવું પ્રદાન રહ્યું છે. નાગર જ્ઞાતિ કેમ નોખી તરી આવે છે અને તેઓ કેમ અસાધારણ યોગદાન આપતા રહ્યા છે તેનું વૈચારિક મંથન કરવા માટેની એક પુરા દિવસની ગોષ્ઠિ 'નાગર સભા' ગાંધીનગરમાં યોજાઈ હતી. આ 'નાગર સભા'ના કેન્દ્ર સ્થાને વડનગરના નાગર હોઈ કચ્છ- ભુજ સહિત ગુજરાત અને મુંબઈમાં વસતા જુદા જુદા ક્ષેત્રોના ૮૦થી વધુ વ્યક્તિ વિશેષોએ નાગર સભામાં ભાગ લીધો હતો. આ 'નાગર સભા' રાજ્ય સરકારના યુવા, સાંસ્કૃતિક, હેરિટેજ, સ્પોર્ટ્સના નેજા હેઠળ યોજાઈ હતી. ગુજરાત સાહિત્ય અકાદમીના ભાગ્યેશભાઈ જ્હાએ સમગ્ર કાર્યક્રમને કેન્દ્રસ્થાને રહી ગરિમા સાથે પાર પાડ્યો હતો.

## વડનગરની ૨૫૦૦ વર્ષ જૂની સંસ્કૃતિ અને સભ્યતાનુ સંશોધન થઈ રહ્યું છે : નાગરોના પ્રદાનની નોંધ લેવાઈ

ગુજરાત સમાચારના સિનિયર પત્રકાર ભવેન કચ્છીએ કહ્યું હતું કે, કથાકાર મોરારીબાપુએ થોડા વર્ષ પહેલા એક આખી રામકથા જૂનાગઢમાં નાગરોને સમર્પિત કરી હતી. તેમણે તે વખતે એક જ લાઇનમાં નાગરો માટે સારરૂપ ઉક્તિ આપી હતી કે, 'નાગર એ કાંઈ જ્ઞાતિ નથી પણ વિચારધારા છે.' મોરારીબાપુને એ રીતે યાદ કરતા તે એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે 'નાગરો અન્ય સમાજ કરતા કંઈ જુદુ નથી કરતા પણ જુદી રીતે કરે છે.'

પત્રકાર હસિત મહેતાએ પણ તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. સેશન દરમિયાન નાગરોના મુખપત્રનું નામ 'કલમ કડછી બરછી'ને યાદ કરી સાહિત્ય, રાંધણ કળા અને સંરક્ષણ શૌર્યમાં જે વિશિષ્ટ પ્રતિભા રહેલી તેને વધુને વધુ ઉજાગર કરવાની વાત થઈ. નાગર જ્ઞાતિના આઝાદી પૂર્વે અને પછીના પ્રદાનની વાતનો પણ ઉલ્લેખ થયો.




'નાગરસભા'માં જ્ઞાતિના વરિષ્ઠ ગૌરવવંતી વ્યક્તિઓનું કેન્દ્રના સાંસ્કૃતિક સચિવ ગોવિંદે સન્માન કર્યું હતું, જેમાં ગીત- સંગીત ક્ષેત્રે વિભાબેન દેસાઈ, ગૌરાંગભાઈ વ્યાસ, નાટ્યકર્મી ઉત્કર્ષ મજમુદાર અને ગુજરાત અને ગાંધીનગરના નિર્માણ સાથે પાયાનું પ્રદાન આપનાર ભૂતપૂર્વ અમલદાર અને સમાજસેવી અરૂણભાઈ બુચનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ડો. અંજનીબેન મહેતાએ ૮૬ વર્ષની વયે પીએચ.ડી.ની પદવી મેળવી

વડોદરા સ્થિત મુ.અંજનીબેન મહેતાએ તાજેતરમાં ૮૬ વર્ષની વયે સરદાર પટેલ યુનિવર્સિટીમાં વિદ્વાન પ્રા.શ્રી ગુણવંતભાઇ વ્યાસના માર્ગદર્શન હેઠળ 'ગુજરાતી વિષયમાં નરસિંહ,મીરાં,દયારામનાં પદોમાં ભગવદ્ગીતાનું ચિંતન' જેવા ગહન અભ્યાસ માંગી લે તેવા વિષય ઉપર મહાશોધ નિબંધ રજૂ કરી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. અભ્યાસને સાધના તરીકે જાણે કે અપનાવનાર અંજનીબેનના માત્ર કોલેજ શિક્ષણની વાત કરીએ તો ૧૯૫૮થી શરૂ કરી આજ ૨૦૨૩ સુધી તેમાં જ એકનિષ્ઠ અભ્યાસરત રહી, તપસ્યાના ફલસ્વરૂપે બીજીવાર ડોક્ટરેટની પદવી મેળવી.આવાં વિદ્યાવ્યાસંગી અંજનીબેન મહેતાની ઉદાહરણરૂપ અને પ્રેરક એવી શૈક્ષણિક યાત્રાની વિસ્તૃત ઝલક મેળવીએ...

અંજનીબેને વર્ષ ૧૯૫૮માં એમ.એસ.યુનિવર્સિટી બરોડા માંથી બી.એ.,૧૯૬૦માં એસ.એન.ડી.ટી.યુનિવર્સિટીમાંથી બી.એડ્.,૧૯૬૬માં એમ.એસ.યુનિવર્સિટી બરોડામાંથી એમ.એડ.,૧૯૭૭માં એમ.એસ.યુનિવર્સિટી બરોડા માંથી પી.એચડી.,૧૯૮૯માં ગવર્નમેન્ટ ડિપ્લોમા કોમ્પ્યૂટર– જેવી પદવીઓ મેળવી છે.જેઓએ આજે ૮૪ વર્ષની જૈફ વયે પીએચ.ડી.ની પદવી હાંસલ કરી છે. આવાં જ્ઞાનવૃદ્ધ વડીલ મુ. અંજનીબેન ૩૩ વર્ષનો કોલેજ શિક્ષણનો,૧૭ વર્ષનો 'રીસર્ચર' તરીકેનો તથા ૨૦ વર્ષનો એમ.એડ.તથા પીએચ.ડી.ના ગાઈડ તરીકેનો બહોળો અનુભવ ધરાવે છે.

વર્ષ ૧૯૫૯થી વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત ગવર્નમેન્ટ પ્રેસમાં પ્રુફ રીડર તરીકે કરી,બાદમાં મહારાણી હાઈસ્કૂલમાં ૧૯૬૦થી '૬૮ સુધી ફરજ બજાવી સાથે સાથે મહિલા મહાવિદ્યાલયમાં માનદ્ વ્યાખ્યાતા તરીકે પણ કાર્યરત રહયાં.૧૯૬૮–૭૦ સુધી પાટણની કોલેજ ઓફ એજ્યુકેશનમાં વ્યાખ્યાતા તરીકે રહયાં,ત્યારબાદ ડભોઈની એસ.એમ.એન.સી. કોલેજમાં ૧૯૭૦થી '૯૭ સુધી કાર્યરત રહયાં અને વાઇસ પ્રિન્સીપાલ, પ્રિન્સીપાલ તેમજ હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ જેવા ઉચ્ચ હોદ્દાઓ શોભાવી સૌનું માન–સન્માન મેળવી નિવૃત્ત થયાં.આ દરમ્યાનં સને ૧૯૭૭માં ગુજરાત યુનિવર્સિટીના તથા ૨૦૧૫માં યોગા યુનિવર્સિટી રીસર્ચ ગાઈડ તરીકે તેમના દીર્ઘકાલિન શિક્ષણના અનુભવનો લાભ આપ્યો.




અંજનીબેને ૧૯૫૬થી ૧૯૮૫ દરમ્યાન મોટી સંખ્યામાં રીસર્ચ પેપર લખ્યાં છે,અનેક વર્કશોપ અને સેમિનારમાં હાજરી આપી છે તેમજ નિવૃત્તીકાળ સુધીમાં અસંખ્ય સન્માન–અકરામો મેળવ્યાં છે.જે દરેકની નોંધ લઈએ તો બરછીના ઓછામાં ઓછા ૪થી ૬ પાના તો ફાળવવાં પડે !

તેઓની શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા અને લગન, તેજસ્વીતા અને સમાજને કાંઈ પ્રદાન કરવાની ભાવનાને લક્ષમાં લઈ અંજનીબેન ગુજરાત સરકારની શિક્ષણ સમિતિના માનદ્ સલાહકાર સભ્ય,સર્વશ્રેષ્ઠ માધ્યમિક


*We lack nothing,“we just need to utilise effectively “what the universe“has given us.“Choice is yours!*

શાળા એવોર્ડ સમિતિના 'કન્વિનર',વડોદરા જીલ્લા શિક્ષણ સમાજના સભ્ય નિયુક્ત થયાં હતાં.ઉપરાંત એસ.વી.એજ્યુકેશન ટ્રસ્ટ વડોદરા તથા W.Y.M.એજ્યુકેશન ટ્રસ્ટ વાઘોડીયા જેવી સંસ્થાઓમાં ટ્રસ્ટી, Member of National Council of Education જેવી અનેક શૈક્ષણિક સમિતિઓ–સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપી છે. આ ઉપરાંત તેઓએ ઈતિહાસ,ફિલોસાફી, સાયકોલોજી,પ્રૌઢ શિક્ષણ જેવા ઘણા વિષયો ઉપર કુલ ૨૯ જેટલાં પુસ્તકો લખ્યાં છે તો ૧૫ જેટલાં પુસ્તકોના અનુવાદ કર્યા છે. ૨૦ જેટલા શૈક્ષણિક તથા આધ્યાત્મિક પેપર જાણીતા પ્રકાશકો દ્વારા પ્રકાશિત થયાં છે.

આવાં કર્મઠ,મા સરસ્વતીનાં ઉપાસક અને કૃપાપાત્ર અંજનીબેન આજે ૮૬ વર્ષની જૈફ વયે પણ લેખન–વાંચનમાં પ્રવૃત્ત છે.ઉંમર માત્ર આંકડો છે અને નવું શીખવાની ઉંમર નથી હોતી કે નથી હોતો અંત જેવી જાણે શીખ આપી જીવન જીવવાની કલા શીખવી રહયાં છે.જ્ઞાતિ વતી અભિવંદન.

## પ્રીત વૈદ્યએ MBBSની અને કુ. ધીર વૈદ્યએ MEની પદવી મેળવી





મહુવાના શ્રી કૃતાર્થભાઇ વિજયભાઇ વૈદ્ય તથા શ્રીમતી રત્નાબેનના પુત્ર પ્રીત વૈદ્યએ તાજેતરમાં ફિલીપાઇન્સ ખાતે તબીબી અભ્યાસ કરી ભારતમાં જરૂરી પરીક્ષામાં સફળતા મેળવી MBBSની પદવી મેળવી ડોક્ટર થયા. જ્યારે પુત્રી કુ.ધીર કૃતાર્થભાઈ વૈદ્યએ પુના યુનિવર્સિટીમાં બીજું સ્થાન પ્રાપ્ત કરી ME(Civil) ની પદવી મેળવી પરિવારને ગૌરવ બક્ષ્યું છે.આ સફળતા બદલ તા.૨૫/૨ના રોજ પેન્શનર્સ ડે નિમિત્તે યોજાયેલ સમારંભમાં ભાઇ પ્રીત તથા ડો.ધીરનું શ્રી મોરારીબાપુના હસ્તે સન્માન કરવામાં આવ્યું.

ચિ. પ્રીત તથા ધીર મહુવા સ્થિત શ્રી વિજયભાઇ વૈદ્યના પૌત્ર–પૌત્રી થાય છે.

## અમદાવાદ ખાતે અ.ભા.નાગર પરિષદ દ્વારા ઉજવાયો રંગોત્સવ

અખિલ ભારતીય નાગર પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જલ્પેશભાઈ મહેતાના નેજા હેઠળ રાઘવ ફાર્મ ખાતે તારીખ ૮ માર્ચના રોજ ધુળેટીના પર્વ નિમિત્તે રંગોત્સવ–૨૦૨૩નું આયોજન થઈ ગયું. જેમાં ૩૨૫ જેટલા જ્ઞાતિબંધુઓએ સામેલ થઈ ગરમાગરમ મેથીના ગોટા અને ચાની લિજ્જત માણ્યા બાદ ડીજેના તાલે ઓર્ગેનિક રંગો,કેસુડાના પાણી અને પાણીના ફુવારા સાથે નાના મોટા સહુએ સંગે રંગે રમીને હર્ષોલ્લાસ સાથે ધુળેટી પર્વ ઉજવ્યું હતું. અંતમાં બપોરે બાસુંદી પુરી,દુધીનો હલવો ને કટલેસ સમેતના ભોજનનો આસ્વાદ માણી સૌ આનંદભેર છૂટા હતા.

## વૃતાંત માંકડને સુવર્ણચંદ્રક એનાયત

અમદાવાદ સ્થિત શ્રી અભ્રકેશ અને શ્રીમતી નૂતનબેન માંકડના પુત્ર વૃતાંત માંકડને ધીરૂભાઈ અંબાણી IICT ગાંધીનગરના તાજેતરમાં યોજાયેલ ૧૭મા પદવીદાન સમારંભમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦માં M.Sc.(IT)૯૬% મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો.અભિનંદન.

---

*Once you've accepted"your flaws" no one can use them against you."Choice is yours!*


# તબીબી વ્યવસાયમાં સ્વ. ડો. મધુસુદનરાય વસાવડાની સુવાસિત ત્રણ પેઢી

(સ્વ.મુ.ડો.મધુસુદનભાઇ વસાવડાએ તબીબી વ્યવસાય શરૂ કર્યાને સો વર્ષ (૧૯૨૩– ૨૦૨૩) થયાં અને તેમના પછીની ત્રણ પેઢીએ આ વ્યવસાયમાં વડીલોના આદર્શ અને મૂલ્યો યથાવત રાખી તબીબી સેવાનો વારસો આગળ વધારી દીપાવ્યો છે..એક વિરલ ઘટના કહી શકાય તેવી બે પેઢીના સંઘર્ષ બદલ વંદન અને બે પેઢીને સફળતા બદલ અભિનંદન સહ આ પ્રેરણાદાયી બાબતને જ્ઞાતિ સમક્ષ 'પ્રકાશિત' કરી રહયા છીએ.–તંત્રી)

ઈ.સ.૧૯૨૩ એટલે કે સો વર્ષ પહેલાં ટાંચા સાધનો,ટૂંકી આવક જેવા સંઘર્ષમય સમયમાં મુ.શ્રી મધુસુદનરાય ગણપતરાય વસાવડાએ મોસાળની કૃપાથી L.C.P.S.ની ડિગ્રી મેળવી. તબીબી વ્યવસાયમાં પગરણ માંડયા.અત્યંત મૃદુ,લાગણીશીલ અને પ્રમાણિક સ્વભાવના મધુસુદનભાઈએ સરકારી નોકરી કરી.ખૂબ ટાંચી મૂડીથી રાજકોટમાં એક નાનું ક્લિનિક ચાલુ કર્યું.

તેમના પુત્ર હરિશ્ચંદ્રભાઇ વસાવડા.૬૦ વર્ષથી ઉપરની વયના જ્ઞાતિબંધુઓ સ્વ.મુ. હરિશ્ચંદ્ર ભાઇના નામ, સાદગી અને અહં રહિત સૌમ્ય સ્વભાવથી અને ઘણા તેમની નિદાન–સારવારથી પણ વાકેફ હશે.જેઓએ પિતાશ્રી જેવી જ સાદગી અને નખશીખ પ્રમાણિકતાથી એમનો સેવા વ્યવસાય ચાલુ રાખ્યો. એમનું દવાખાનુ ભલે અત્યારના તબીબી વ્યવસાયની ચકાચોંદમાં અત્યંત નાનુ અને નગણ્ય ગણાય પરંતુ એમની વ્યવસાય પ્રત્યેની કટિબધ્ધતા,પ્રામાણિકતા અને દર્દી પ્રત્યેનો પ્રેમભાવ અને સંવેદના આજે કલ્પના બહારના જણાય.

આવા હરિશ્ચંદ્રભાઇના બે પુત્રો–ત્રીજી પેઢી–એટલે ડો.હેમાંગ અને ડો.નિલાંગ વસાવડા. જેઓએ વધારે પ્રગતિ કરી, સમય સાથે કદમ મિલાવવા આધુનિકતાના રંગ અપનાવી રાજકોટ ખાતે સૌરાષ્ટ્રની કદાચ સૌ પ્રથમ હશે તેવી 'મધુરમ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ' ચાલુ કરી, જ્યાં આજ પર્યંત સદ્‌ગત વડીલોના તબીબી વ્યવસાયના મુળભૂત મૂલ્યોને જાળવીને માત્ર અર્થોપાર્જનનું ધ્યેય ન રાખતાં, માનવ સેવાના ઉદ્દેશ સાથે સારા,સાચા નિદાન સાથે શ્રેષ્ઠ સારવાર આપી, નીતિ સાથે વડીલોના નકશે કદમ ઉપર ચાલી રહયા છે. ડો.વસાવડા બંધુઓ દરેક માટે સમભાવ રાખી કોઈપણ રોગના સચોટ નિદાનની પારંગતતા, ઓપરેશનની કુશળતા, કઠોર ખરા પણ તે દર્દીના ભલા–સારાં માટે એવા સ્વહીત કરતાં પરહીત વિચારતા સ્વભાવને કારણે અગણિત દર્દીઓનો વિશ્વાસ સંપાદિત કરી સાચો પ્રેમાદર પામ્યા છે.




*The first to apologize is the bravest.“The first to forgive is the strongest.*
*“The first to forget is the happiest.“Choice is yours!*

(કોઈપણ ગામ—શહેરના જ્ઞાતિના ઘણાખરા ડોકટરમાં જ્ઞાતિના સંસ્કારવારસા ગત, સાચી સલાહ અને નિદાનમાં પ્રામાણિકતા આજ પર્યજળવાય રહી  છે તેની પણ સાદર નોંધ લેવી ઘટે જ.)

બંનેએ કારકિર્દી દરમ્યાન અનેક પ્રશસ્તિપત્રો,એવોર્ડ,માન—સન્માનો મેળવ્યાં છે. જ્ઞાતિ સામાજીક સંસ્થાગત અને રાજકીય ક્ષેત્રે સક્રીયતાથી જ્ઞાતિજનો વાકેફ હોય જ તેથી તેની વિશેષ નોંધ ન લેતાં માત્ર તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ નીતિ અને નીતિમત્તાને ઉજાગર કરતી નોધ બાદ...


ડો.નિલાંગભાઇના જ શબ્દોમાં લખીએ તો..'અત્યારે તબીબી વ્યવસાયનું વ્યાપારીકરણ થયું છે ત્યારે અમારી નીતિરિતી કદાચ સમય સાથે બંધ બેસતી ન લાગે પણ અમારે મન તો દાદાજી અને પિતાજીએ સિંચેલ સંસ્કાર અને શીખવેલ તબીબી વ્યવસાયની પવિત્રતાનું પાલન કરવું છે તેમના મૂલ્યોનું જતન કરવું છે.અમારે કોઈ સ્પર્ધા નથી કરવી કારણ તબીબી વ્યવસાય એ વ્યાપારિક વ્યવસાય નથી. લોકોના દુ:ખ દર્દ યથાશક્તિ દૂર કરવાનો ઈશ્વરે આપેલો પવિત્ર મોકો છે.જો કે અત્યારે સંજોગો અને અભિગમ વિપરીત છે..સંપતિસર્જન મુખ્ય બની રહેલ છે જે ખરેખર આ વ્યવસાયની આડ પેદાશ છે.દર્દીનું દર્દ સાચા,સસ્તા અને શ્રેષ્ઠ રસ્તે કેમ દૂર કરી શકાય એ અમારો આશય અને પ્રયત્ન છે અને રહેશે.દર્દીનું દર્દ એક સ્વજનની જેમ અનુભવવું અને જે રસ્તો આપણા સ્વજન માટે લઈએ તે જ દર્દી માટે લેવો એ જ અમારો વારસામાં મળેલો સિધ્ધાંત છે.

ઈશ્વરદત્ત ગણી શકાય એ રીતે આજે ચોથી પેઢી (અમારાં સંતાનો) પણ આ જ વ્યવસાયમાં પગરણ માંડી ચૂકી છે. આમ, એક જ ગામ—રાજકોટ—માં તબીબી વ્યવસાયને ૧૦૦ વર્ષ થાય તેનું અમને ગૌરવ છે અને હજુ ૫૦ વર્ષ આ વ્યવસાય અમારા સંતાનો રાજકોટમાં જ ચાલુ રાખશે તેવું જણાય છે. આજે જ્યારે સમાજ વિશ્વાસુ અને સાચું અને સચોટ નિદાન કરનારા પ્રમાણિક ડોકટરની કમી મહેસૂસ કરી રહયો છે ત્યારે ઈશ્વર પાસે એટલું જ માંગીએ કે અમારી કે અમારી પછીની પેઢીમાં લાલચ, અપ્રમાણિકતા ન પ્રવેશે અને અમારા પૂર્વજોએ કંડારેલી ગરિમાપૂર્ણ તબીબી વ્યવસાયની પરંપરા નિભાવી શકીએ.'










*We lack nothing,"we just need to utilise effectively "what the universe"has given us."Choice is yours!*

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાંજલિ...

રાજકોટ : હરેન્દ્રભાઈ ઝાલા, કિરણભાઈ મનહરભાઈ ધોળકિયા, કમલભાઈ દેવેન્દ્રલાલ મહેતા, સૌ. હર્ષાબેન જ્યોતિન્દ્રભાઈ વૈદ્ય–૬૫ વર્ષ, પ્રફુલભાઈ નવનીતરાય હાથી–૭૮ વર્ષ, અ.સૌ. અરૂણાબેન (અલ્કાબેન) પ્રમોદરામ ઓઝા.

જૂનાગઢ : સૌ. અર્ચનાબેન સુમનભાઈ મજમુદાર, સરયૂબેન વૈશ્નવ

ભાવનગર : યયાતિભાઈ મહેતા–૭૦ વર્ષ..

જામનગર : અર્ચિતાબેન અનિલભાઈ વૈષ્ણવ

ભુજ : ગં.સ્વ. સુલોચનાબેન બચુભાઈ ધોળકિયા–૭૮ વર્ષ..

અમદાવાદ : અ.સૌ. અરૂણાબેન રજનીકાન્તભાઈ પોટા. દિપુભાઈ બક્ષી, જનકભાઈ દેસાઈ, ભાગ્યવતી(ભારતી)બેન ભાસ્કરભાઈ નાણાવટી–૮૮ વર્ષ. પ્રતિભાબેન ઘનશ્યામભાઈ વૈશ્નવ.

નવસારી : અવંતિકાબેન પદ્મકાંત વોરા.

મુંબઈ : ડો. ગજેન્દ્રભાઈ શાંતિલાલ હાથી,
ગં.સ્વ. અંજનાબેન દુષ્યંતભાઈ માંકડ–૭૨ વર્ષ.

વડોદરા : ગીતાબેન ધ્રુવભાઈ બક્ષી, હરનિવાસભાઈ સનતકુમાર દેસાઈ, કોકીલાબેન કૌશિકભાઈ વસાવડા, ઉમાબેન ગિરીશભાઈ વસાવડા.. બીનાબેન મુનીન્દ્રભાઈ ખારોડ, પ્રદીપભાઈ ઘનશ્યામભાઈ જોષીપુરા, સુરેખાબેન કિરીટચંદ્ર વસાવડા

**સમજીને વાંચો, વાંચીને સમજો**

### મહાભારતમાંથી શોધેલ અમૂલ્ય ૯ મોતી

૧) સંતાનોની ખોટી જીદ અને માંગણીઓ ઉપર તમારો જો સમયસર અંકુશ નહિ હોય તો, જીવનમાં છેલ્લે તમે નિ:સહાય થઈ જશો.
- કૌરવો

૨) તમે ગમે તેટલા બલવાન હો પણ તમે અધર્મનો સાથ આપશો તો, તમારી શક્તિ, અસ્ત્ર-શસ્ત્ર, વિદ્યા, વરદાન, બધું જ નકામું થઈ જશે.
- કર્ણ

૩) સંતાનોને એટલા મહત્વાકાંક્ષી ન બનાવો કે,, વિદ્યાનો દુરૂપયોગ કરીને સર્વનાશ નોતરે.
- અશ્વત્થામા

૪) ક્યારેય કોઈને એવાં વચન ના આપો કે, જેનાથી તમારે અધર્મીઓની સામે સમર્પણ કરવું પડે.
- ભીષ્મપિતા

૫) સંપત્તિ, શક્તિ, સત્તા, સંખ્યાનો દુરુપયોગ, અને દુરાચારીઓનો સથવારો, અંતે સર્વનાશ નોતરે છે.
- દુર્યોધન

૬) અંધ વ્યક્તિ... અર્થાત્...સ્વાર્થાંધ, વિત્તાંધ, મદાંધ, જ્ઞાનાન્ધ, મોહાન્ધ અને કામાન્ધ વ્યક્તિના હાથમાં સત્તાનું સુકાન ના સોંપવું જોઈએ. નહીં તો તે સર્વનાશ નોતરશે.
- ધ્રુતરાષ્ટ્ર

૭) વિદ્યાની સાથે વિવેક હશે તો, તમે અવશ્ય વિજયી થશો.
- અર્જુન


૮) બધા સમયે- બધી બાબતોમાં છળકપટથી તમે બધે, બધી બાબતમાં, દરેક વખત સફળ નહીં થાવ.
- શકુનિ.

૯) જો તમે નીતિ- ધર્મ-કર્મ સફળતા પૂર્વક નિભાવશો તો... વિશ્વની કોઈ પણ શક્તિ તમારો વાળ પણ વાંકો નહીં કરી શકે.
- યુધિષ્ઠિર

### "વિરોધ ક્યારે હોય"

જ્યારે આપણું કામ "સારું"હોય,
પણ બીજાને "ગમતું" ન હોય.....
જ્યારે આપણું કામ "સાચું" હોય,
પણ બીજાને "પચતું" ના હોય.....
જ્યારે આપણો "માર્ગ" સાચો હોય,
પણ બીજા સાથે "ચાલી" શકતા ન હોય.....
જ્યારે આપણે "કર્મ" કરતાં હોય,
પણ બીજા "ભ્રમ" માં રાચતા હોય.....
"વિરોધ" એટલે.....
આપણે સાચા માર્ગે હોવાનું
"સર્ટીફિકેટ"

**Expecting & Accepting** are two sides of life. Where expecting ends in tears, accepting makes you cheer. Accept life the way it comes.




અમદાવાદના શ્રી મેહુલભાઈ ભટ્ટ દરરોજ વોટ્સએપ દ્વારા સુંદર મૌલિક વિચાર, વાક્યના અંતમાં Choice is yours સાથે મોકલે. જે દરેક પાનામાં નીચે સાભાર મૂક્યાં છે. તેમની સર્જનાત્મકતાને વંદન. અર્થ/મર્મ સમજવો/વાંચવા ન વાંચવા That's Your Choice yours!!

*Nothing will give us"greater peace"than minding"our business."Choice is yours!*

## સમાચાર સંચય

✵ રાજકોટ : અત્રેના વિરંચી બુચ, શ્રીમતી ખ્યાતિ બુચ તથા આનંદ બુચે તા.૬ ફેબ્રુઆરીના રોજ રોટરી કલબ તથા સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલના ઉપક્રમે યોજાયેલ ૨૦ કિ.મી.ની સાયકલોફન નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી.

✵ અત્રેના શ્રી નિમિષ તથા શ્રીમતી ગીતા ધોળકિયાનાં પુત્રી કુ.મોહા MBBS(Final) માં ઉત્તીર્ણ થયાં.

✵ ભાવનગર : શ્રી ઘોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે તા.૧૮/૨ના રોજ મહાશિવરાત્રિ નિમિત્તે શ્રી હરિનાગર નિવાસ સ્થિત હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી જયચિંતનભાઈ ઓઝા તથા શ્રી નૃપેશભાઈ મહેતાના યજમાન પદે અને શ્રી વસંતભાઈ જોશીના આચાર્ય પદે લઘુરૂદ્રનું આયોજન થઈ ગયું.સારી સંખ્યામાં ઉપસ્થિત બંધુઓ પેંડાની પ્રસાદી લઈ છૂટા પડયા હતા.

✵ મુંબઈ : શ્રી વડનગરા નાગર મંડળ,મુંબઈની વર્ષ ૨૦૨૨થી ૨૫ માટે યોજાય ગયેલ કારોબારીની ચૂંટણીમાં કુ.નેહાબેન યાજ્ઞિક–પ્રમુખ,શ્રી પાર્થિવ મહેતા–ઉપ પ્રમુખ, શ્રી નીરવ એચ.બુચ–મંત્રી,નિયત અંજારીયા –ઉપમંત્રી, શ્રીમતી પ્રિયંકા આચાર્ય–સહમંત્રી,શ્રી આશિષ કિકાણી–ખજાનચી,શ્રીમતી ધારા બુચ– ઉપ ખજાનચી, શ્રી ભૌમિક વોરા– સહખજાનચી,જ્યારે કારોબારી સભ્ય તરીકે શ્રીમતી સ્મિતા વૈદ્ય, શિવાની કિકાણી ધ્રુતિ મહેતા,શ્રી વિભૂષીત દવે,ડો.ઝલક હાથી,ઝંકાર વ્હોરા તથા કુ.રૈના દિક્ષિત ચૂંટાય આવ્યા.



✵ પુના સ્થિત ડો.ભૂમિકાબેન અને તાદાત્મ્યભાઈ વૈષ્ણવના પુત્ર તનય વૈષ્ણવે તેમની કુશાગ્ર બુદ્ધિપ્રતિભાનો પરિચય આપી, 'સોશિયલ સ્ટડીઝ' વિષયની 'ઓલિમ્પીયાડ' કસોટીમાં નાની વયે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ, પ્રમાણપત્ર અને રૂા.૫૦ હજારનો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો. અભિનંદન. ચિ.તનય અમદાવાદ સ્થિત શ્રી અશોકભાઈ વૈષ્ણવના પૌત્ર અને અમદાવાદ સ્થિત શ્રી પ્રવાસીભાઈ ધોળકિયાના દોહિત્ર થાય.

✵ <u>સગપણ સગાઈ :</u>

✵ રાજકોટ સ્થિત શ્રીમતી નીપા તથા શ્રી અદ્વૈત વસંતભાઈ અંતાણીનાં પુત્રી હીરનું સગપણ રાજકોટના શ્રીમતી સીમા તથા શ્રી મુકેશ નીલકંઠભાઈ છાયાના પુત્ર મિત સાથે.

✵ <u>લગ્ન વિષયક જાહેરાત :</u>

✵ (૧) જ.૨/૧૯૯૨, ઉં.૫'.૬'' ધોરણ–૧૦ પાસ,ખાનગી નોકરી કરતા યુવક(નિર્દોષ મંગળ છે)ને યોગ્ય કન્યા. સંપર્ક : ૯૫૭૪૮૩૭૧૫૯

✵ (૨) જ.૩/૧૯૯૬,ઉં.૫'.૧૦'' માસ્ટર ઓફ એકાઉન્ટસ, સી.એ. એન્ટ્રન્સ પાસ,ગાંધીધામ ખાતે લિમિટેડ કંપનીમાં એકાઉન્ટસ ઓફીસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૭૨૦૫૨૫૫

✵ (૩) જ.૧/૧૯૯૨,ઉં.૫'.૧૧''એમ.કોમ.,પીજીડીબીએ.,ઇન્ટર સી.એ.પાસ,ઓસ્ટ્રેલીયન એકાઉન્ટીગ અને ટેક્ષેશનનો આઉટસોર્સિંગનો સ્વતંત્ર વ્યવસાય કરતા યુવકને કન્યા.સંપર્ક : ૯૯૦૪૦૬૨૯૨૯




*Appear what you are"Be what you appear"Choice is yours!*

૧૯૯૯ના પાટોત્સવ અનુસંધાને બરછી અંક માર્ચ –૧૯૯૯માં છપાયેલ 'પાટોત્સવ ટાંકણે વિનોદિકા'નું પુનઃ પ્રકાશન :

# લુપ્ત થતી પીરસણિયા સંસ્કૃતિ

- મહેશ ધોળકિયા

હવે તો નાગરોએ પણ સામાજિક પ્રસંગોમાં બૂફે ડિનર - પદ્ધતિ અપનાવી લાધી છે.

ઘણે ખરે ઠેકાણે પાટોત્સવની નાતમાં પણ હરતાંફરતાં 'હરહર મહાદેવ' કરવામાં આવે છે !

અમને અંગત રીતે બૂફે ભોજન સામે વાંધો કે વિરોધ નથી. જેને જેમ જમાડવાનો અને જેને જે રીતે જમવું હોય તેમ જમવાનો, બંધારણે મૂળભૂત હક્ક આપ્યો છે ! અમે પણ લગ્ન જનોઇ, વાસ્તુ કે બીજા ધાર્મિક પ્રસંગે યોજાતા બૂફે ભોજનમાં અધાર્મિક ધક્કામૂકી વચ્ચે ધુસી જઇને જે કાઉન્ટર પરથી જે હાથમાં આવ્યું તે ઝાપટી લેવા હવે ટેવાઇ ગયા છીએ !

એવું ખરું, કે આ રીતે ખાતાં સતત એવું લાગ્યા કરે છે જાણે કે આપણને જમવા નોતર્યા નથી, પરંતુ બળજબરીથી આપણે ખાવાનું ઝૂંટવી રહ્યા છીએ. કેમ કે, ત્યાં કોઇ આપણને પીરસતું નથી, આપણે પોતે આંચકી લેવાનું હોય છે.

આમ પીરસવાની આખી પ્રેરક અને પાવક પ્રથા આજે લુપ્ત થવા બેઠી છે, એક સભર પીરસણિયા સંસ્કૃતિ કાળના ગર્તમાં ગુમ થઇ રહી છે, એ વાતનો અફસોસ રહે છે. પચાસ-પંચાવનની ઉંમરના નાગરોએ આ પીરસણિયા પ્રથાની પ્રભા અને પ્રભાવ જોયો હશે, પરંતુ એનાથી જે નાનો નાગરી સમુદાય છે, તેને તો દુર્ભાગ્યે ખ્યાલ પણ નથી કે પોતે કેવા સમૃદ્ધ વારસાથી વંચિત રહી ગયા છે !

હે મારા જુનિયર દોસ્તો ! બૂફે કાઉન્ટર પાછળ કયારેક ઊભાં રાખવામાં આવેલ માનવ પૂતળાંને જોઇને જૂના જમાનાના પીરસણિયાની કલ્પના ન કરશો.

રામલીલાના રામ દશરથનંદનનો ખ્યાલ આપી શકે ખરા ?

આહાહા ! શું વાત કરવી એ જમાનાની, જ્યારે પીરસણિયાનો અલગ વર્ગ અસ્તિત્વમાં હતો ? રસોઇયા હોય, જમનારા જાનૈયા હોય, પણ જમણનો જાન તે પીરસણિયા. એની રોનક જ જુદી. આજની ફાઇવ સ્ટાર હોટલનો કેળવાયેલો સ્ટાફ એની પાસે ઝાંખો ! ઝગઝગાટ રેશમી મુગટો એનો એક છેડો ગળે બાંધ્યો હોય, કમર ફરતો ચમકદાર ટુવાલ વીંટયો હોય, ખભે શ્વેત જનોઇ ને કપાળે ચંદનનું ત્રિપુંડ શોભતું હોયને પગમાં ચાખડીના ચટકા આવો પીરસણિયો જે વાનગી પીરસવા આવે તેનું મૂલ્ય વધી જાય. વાનગીમાં દમ ન હોય, તોય લોકો એની મોડ ઓફ માર્કેટીંગ-વિતરણશૈલી પર ફિદા !

દરેક વાનગી લઇને પ્રત્યેક હરોળમાં જનાર પીરસણિયો જુદો, એક પ્રમુખ પુખ્ત પીરસણિયો આખી માર્કેટીંગ સ્ટ્રેટીજી સંભાળે, નવા નિશાળીયાને મીઠાં - અથાણાં લઇને એ પલોટવા મોકલે, સૂચના અપાય-

'નીચા વળીને પીરસવું'

'વસ્તુ ઢોળાવી ન જોઇએ'

'વાનગી પતરાળીની ડાબી બાજુ ખૂણે મૂકજો'

મીઠાઇ અને રસાદાર શાક એ બે તે વખતની 'મોસ્ટ વોન્ટેડ' આઇટેમ એટલે એ ચુનંદા કલાકારને સોંપાય.

'શાક બે વાર ફરી ગયું ને ? હવે હમણાં બંધ'.

પેલા કમાન્ડરની નજર ડિમાન્ડ - સપ્લાયનાં પલ્લાં પર સતત ફરે કટોકટી સર્જાય તો એ પોતે મેદાનેપંગતમાં ઝંપલાવે.

'શાક, સાહેબોને' એમ બોલતો ને માંગનારને રસો ધાબડતો એ ક્યારે પંગત પાર કરી જાય તે સમજાય નહિ !

હે નાનેરા નાગરો ! આ પીરસણિયા પ્રથાએ એ સમયે યુવા હૈયાંની કરેલી અમૂલ્ય સેવાની કહાણી સૂણો ! સ્ત્રીઓની પંગતમાં પીરસવા જવા નવયુવાનો ઉત્સુક હોય તે દેખીતું છે. મોટી વયના મરદો પણ તે તરફ આકર્ષાતા એવું સ્મરણ છે ! પરંતુ ૧૮ થી ૨૧ની વયના કોડીલા લગ્નોત્સુકોને એ પંગતે-રંગતમાં ખાસ મોકલવામાં આવતા.

આવી માર્કેટીંગ ટૂર વખતે સ્વીટ સેવન્ટીનની કોઇ કોમલાંગી પહેલાં રાઉન્ડમાં શરમિંદુ સ્મિત કરે અને બીજા રાઉન્ડમાં પેલો એને વધુ શાક પીરસે . છેલ્લાં રાઉન્ડમાં પેલી છાશ માટે ગંજીયું માગે, એટલે પેલો મોતિયો અને છાશ ભરેલું ગંજીયું હોંશે હોંશે આપી જાય - 'જા, તારા ગાલના તલ પર સમરકંદ - બુખારા કુરબાન !' દરમ્યાન બંને પક્ષનાં વડીલ બેનો સક્રિય થાય -

'આ શાક પીરસે છે તે કોનો ?'

'લે, એને ન ઓળખ્યો ? કન્યાનાં માસીના દેરનો છોકરો. હોશિયાર છે.'

છેલ્લે પીરસણિયા જમવા બેસે.

એ દશ્ય જ અદ્દભુત ! સૌને તૃપ્ત કરનાર આ સેવકો માટે ખાસ વાનગી સચવાઇ હોય, એને ગરમ કરાય, એમને પતરાળી પડિયા નહિ, થાળી-ગંજીયા અપાય, પીરસણિયાને જમાડવા જમેલાં ટોળે વળે, જેનો પ્રસંગ હોય તે મોભીઓ ખાસ હાજર રહે. તાણ - આગ્રહ થાય.

અને હા, પેલી હસમુખી તરુણીઓ એને ભાવથી જમાડનાર નવયુવાનને ધ્યાનમાં રાખીને શાકનું કમંડળ લઇને આવી પહોંચે. સાથે એક સખી પણ ખરી.

પાસે આવી, ઘડીક રોકાઇ વધુ શાક પીરસે, પછી હસીને પૂછે, 'જલેબી લઇ આવું ?'

બોલો, નવ યુવા નાગરો ! પીરસણિયા સંસ્કૃતિને ફરી પાછી સજીવન કર્યા સિવાય છે બીજો કોઇ વિકલ્પ ?

## સંસ્કાર

– મનહર જ. વૈશ્નવ,રાજકોટ.

સંસ્કાર એ કોઈ પ્રદર્શન કે બતાવવાની વસ્તુ નથી.એ જીવન જીવવાની એક સુસજ્જીત અને સરળ પદ્ધતિ છે.પહેલી બાબત એ કે સંસ્કારિતા એ મનુષ્યના સૌંદર્ય,ઉત્તમ વેશભૂષા કે બાહય દેખાવ પરથી નહી પણ તેના સંસ્કારસભર વ્યવહાર થકી જ શોભી ઉઠે છે.જીવન પ્રદર્શનથી નહી કે સમાજમાં મોભો જમાવી નહી પણ તેના સંસ્કારમય આચરણ,વ્યવહાર,ભાષાથી દીપી ઉઠે છે.સુક્ષ્મ વસ્તુ જોવા માટે 'મેગ્નીફાઈંગ ગ્લાસ'નો ઉપયોગ કરી મોટું જોવાની પદ્ધતિ છે પરંતુ જીવન,જીવન જીવવાની પદ્ધતિ કે સંસ્કારિતા 'મેગ્નીફાઈંગ ગ્લાસ'થી મોટી જોવાની નથી.ઘણા માણસોને પોતે હોય તેના કરતાં વધારે મોટા અને મોભાદાર હોવાનો દંભ હોય છે.હકીકતમાં ખાનગીમાં તેની વાસ્તવિકતાનો બધાને ખ્યાલ હોય છે.

સંસ્કારિતા એ કોઈને આપવાની કે લેવાની વસ્તુ નથી આપણે ઘણી વખત વાતવાતમાં સાંભળતા હોઈએ છીએ કે બાળકોને નાનપણથીજ સારા સંસ્કાર આપવા જોઈએ.કૂમળો છોડ તો વાળીએ તેમ વળે આ હકીકત બોલવામાં સારી લાગે પરંતુ હકીકતમાં બાળકોને મૌખિક ઉપદેશ ગમે તેટલો આપો પરંતુ તેના આંતરિક માનસ ઉપર તો માતા પિતા,શિક્ષક કે કોઈપણ વડીલના આચરણની છાપ વધુ પડશે.અને એ બીજ જ ભવિષ્યમાં ઊગી નીકળશે.આપણું વર્તન,આપણા શબ્દો,આપણા વ્યવહારનું બાળક સુક્ષ્મ નિરીક્ષણ કરતું હોય છે.નજીવી બાબતમાં પણ તેની ઊંડી છાપ બાળમાનસ પર પડતી હોય છે.કોઈનો ફોન આવે એટલે વડીલ અભ્યાસ કરતા બાળકને કહે છે,'કહી દે,પપ્પા કે દાદા ઘેર નથી બહાર ગયા છે.'આ જ શબ્દો એ બાળક ભવિષ્યમાં પિતા–દાદા બનશે ત્યારે બોલશે.ઈન્કમટેક્ષ બચાવવા જે કાંઇ સાચા ખોટા અવતરણો વડીલ કરતા હશે તે બાળક પણ ભવિષ્યમાં કરશે.આમ સંસ્કારની છાપ બહુ ઊંડી છે.

તમારા સંસ્કારની છાપ સમાજમાં ત્યારે જ પડે જ્યારે તમે જાહેરમાં બોલો કે આચરણ કરો તે તમારા અંગત,ખાનગી અને પારિવારિક જીવનમાં પણ હોય.આ માટે શિક્ષણને કારણભૂત ન બનાવી શકાય.શિક્ષણ આપણને એ શીખવે છે કે શું કરવું અને સંસ્કાર એ શીખવે કે શું ન કરવું કે ન કરાય.શિક્ષણ તમને કમાતાં શીખવે છે જ્યારે સંસ્કાર તે કમાણીનો કઇ રીતે સદ્ઉપયોગ કરવો તે શીખવે છે.જેમ દવા માણસને સાજા કરે.સ્નેહભર્યું વર્તન માણસને સજીવન કરે.દવા આપણે નિયમીત રીતે જાતે લઈએ અને આપણી માતા,પત્ની કે દીકરી યાદ રાખીને આપણને દવા લેવા કહે અથવા તો આપે તો તેમાં દવાના ગુણો સાથે સ્નેહ,લાગણીનું આવરણ પણ હોય છે.તેથી કડવી દવા પણ હસતા લઇએ છીએ.

આ બધી બાબત અને જીવનની દરેક પળે જે કંઇ સંસ્કારિતા બાળપણથી જ સંગ્રાયેલ હશે તે જ અનાયાસે બહાર આવી જ જશે.સંસ્કાર એટલે આપણે માત્ર સારા સંસ્કારની જ વાત કરીએ છીએ પણ ખરાબ–કુસંસ્કાર–પણ હોય છે.જે અણસમજુ બાળમાનસ હોય ત્યારે જાણ્યે અજાણ્યે તેમનામાં ઊંડી છાપ મૂકી દે છે અને વધતી વયે એ જો બહાર આવવા લાગે તો તે વ્યક્તિ સમાજમાં ધિક્કારને પાત્ર બની જાય છે કે આ સજ્જન ખરેખર બધાની વચ્ચે સંસ્કારી હોવાનો ડોળ કરે છે તે હકીકતમાં અંગત જીવનમાં કેવો હશે?




*"Be who"you want to be"not what"others want you to be.""Choice is yours!*

**પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે વોટ્સએપે વર્યા!** –દીપક બુચ,અમદાવાદ

ચાર પ્રકારના સુખ વર્ણવાયા છે,તેને મીડિયાના સંદર્ભે Redefined કરતાં–

પહેલું સુખ તે જાતે નર્યા,બીજું સુખ તે વોટ્સએપે વર્યા!

ત્રીજું સુખ તે ફેસબુકે ફર્યા !,ચોથું સુખ તે મીડિયાએ સર્ફયા!

જેવો કપાળે ચંદનનો લેપ તેવો મનને વોટ્સએપનો લેપ!એકબીજાના મેણા–ટોણા વચ્ચે પણ સહુએ બહુ ધ્યાન દઈને વોટ્સએપને જતનપૂર્વક ઉછેર્યું!

બધાને સાંભળવા મળતાં જ હોય પણ કોઈવાર કોઈ મેણું શ્રી તુલસીદાસની જેમ,જો કોઇ વોટ્સએપિયાને દિલે લાગી જશે તો,વાલિયામાંથી વાલ્મિકીની જેમ, 'સર્ફિયા'માંથી 'સેલ્ફીકી'–આંતરદ્રષ્ટિ–વિકસાવવાની તકો ઉજળી છે!વળી,નર્મદાની ચપટી–ચપટી રેતી મફતમાં મળશે તેવી જાહેરાત આવે તે લેવા લાંબી લાઈન તાણનારો વર્ગ ઘણો મોટો !મફતની ખપત જબરી હોય છે,તેથી વોટ્સએપ અને ફેસબુકની જોડી નંબર વન થઈ ગઈ !

પરસ્પરની આપ–લે તો ઠીક,પણ ગ્રુપોના ગ્રુપો બની ગયાં,મેમ્બર્સના આંકડાની K પાછળ લગાડેલાં! પોસ્ટના ઢગલે ઢગલા ખડકાય ત્યાં..'ભીના ને સુકા' બંને પ્રકારના! અહીં તો બધા જ સંજય, ધનંજય અને ધૃતરાષ્ટ્ર! ફાવતું'તું ને ફોગટે મળ્યું! પછી તો પૂછવાનું જ શું? 'સોળે કળાઓ' વિકસવા લાગી. માન ન માન પણ મૈં ભી હું એક કિરદાર! ના ન્યાયે હવે કોઈ કાંઈ ન થઈ શક્યો'નો અફસોસ જ નહી! જેને જે 'બનવું' હોય તે માટે Sky is limit ! ની જેમ Screen has no limit ! જેવું આવડે તેવું પીરસે. અરે, આ મીડિયાપટલે તો ભલભલાને તેના પર 'નાચતા'અને પ્રસિદ્ધિ પામવા ઝંખતા કરી દીધા! વાંચન– શ્રવણ– ચલચિત્ર વિગેરે બધું જ એક જ પટલ પર,તે પણ માત્ર આંગળીના ટેરવે! ઉપરાંત,આ પટલ પર કોઈ આશા–અપેક્ષા નહિ તેથી કૃષ્ણની કર્મની થિયરી મુજબ બધું જ નિઃસ્વાર્થભાવે રજૂ થયા કરે.પણ હા, 'નાચનારીનું આંગણું વાંકું' તેમ 'લાઈક' ને 'કોમેન્ટ' કેટલી આવી?!તે અંગે ત્રાંસી આંખે ચિંતિત રહે! બધા પોસ્ટ કર્તાઓ ને(મારા સહિત)મારી રચના ઘણાબધા વાંચે/જુવે તેવા છૂપા મનોગ્રહનો અજંપો રહે,કારણકે મોટાભાગના રચયિતા,'હું બાવો નુ મંગળદાસ' જેવો મીડિયા માહોલ ધરાવતો હોય તેથી લિપસ્ટિક જેટલી લાઇક્સ અને કાંકરી જેટલી કોમેન્ટ આવે! આથી અહમને કુપોષણની અસર વર્તાય!




આમછતાં,સરકારી અને બિનસરકારી સમાચાર દુનિયાભરની અવનવી જાણકારી 'હું' જ બધાને સહુથી પહેલાં આપી રહયો છું તેવી ગેરસમજના તરવરાટ સાથેના 'ફોરવર્ડ'નાં ફોરાં ને ફોદા મીડિયાપટલ પર ફર્યા જ કરે,તર્યા જ કરે !

નરસાઈ કરતાં સારાઈ વધારે ઉપલબ્ધ છે તેમજ વર્તમાનમાં સમય પસાર થાય,તે સબળાં પાસાં છે આ મીડિયાના..વળી'ન મામા કરતાં,કાણો મામો સારો' તે દ્રષ્ટિએ મીડિયા મહેરામણના મિત્ર–મંડળ થકી,'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાનું પોષણ પણ અમુક અંશે થાય. –તો આનંદો,માણો વર્ચ્યુઅલ વન–વગડો!

*No anger inside"means no"enemy outside."Choice is yours!*

# માત્રી માતા અને ઓસમ ડુંગર


ભારત એક માતા છે.ભારત દેશને અનુરૂપ ભારત એક ધાર્મિક ભૂમિ છે.ધર્મોની અહીં વિવિધતા જોવા મળે છે,જે ભારત ભૂમિને પવિત્ર બનાવે છે.

આપણા ગુજરાતમાં અનેક પૌરાણિક,મધ્યયુગ તથા આધુનિક યુગના અનેક ધાર્મિક સ્થાનો જોવા મળે છે.માતાજીનાં કેટલાંક સ્થાનો ડુંગર ઉપર જોવા મળે છે.તેમાં ઓસમ ડુંગર પરના માત્રી માતાનું સ્થાનક,ઐતિહાસીક તો છે જે શ્રધ્ધાનું પ્રતિક પણ છે.ગુજરાત સરકારે તેને પ્રવાસન ક્ષેત્રમાં સ્થાન આપી વિકાસ કરવાનું નકકી કરી તે દીશામાં કામ કરવાનું શરૂ કર્યુ છે.

સૌરાષ્ટ્રમાં આવેલ ડુંગર ઓસમ ધોરાજીથી ૨૫ કિ.મી. અને ઉપલેટાથી ૧૩ કિ.મી.દૂર આવેલો છે.ડુંગર ઓસમ અપભ્રંશ થયેલું નામ મનાય છે.મૂળ નામ 'ઓમસમ'છે.ડુંગરનો આકાર ૐ જેવો છે એટલે ઓમસમ આજે ઓસમથી ઓળખાય છે.

ઇતિહાસ પ્રમાણે દેવ અને દાનવોએ અમૃત મેળવવા જેમનો રવૈયા તરીકે ઉપયોગ કરેલો એ પહાડનો ટૂકડો..મહાભારતના ઇતિહાસ સાથે સંકળાયેલો આ ડુંગર ધોરાજી તાલુકાના પાટણવાવ ગામમાં આવેલો છે.આ પહાડના ટુકડા પર બિરાજતાં માત્રી મા પહેલાં છત્રેશ્વરી મા તરીકે ઓળખાતાં.તે સમયમાં અત્રિ ઋષિ અને માતા અનસુયાએ તપોભૂમિ બનાવી તપ કર્યુ હતું.તેથી મા અત્રિ બાદ માત્રી નામ પ્રચલિત બન્યું હતું.'માત્રી મા'ની બાજુમાં નવદુર્ગા માતાજીની મૂર્તિઓ છે.આ સિવાય પૌરાણિક મહાદેવ જાગનાથ મહાદેવનું મંદિર છે.જેમાં ગણેશજી અને હનુમાનજીની મૂર્તિઓ સ્થાપિત છે.થોડે દૂર નીચે ટપકેશ્વર મહાદેવનું મંદિર છે.માત્રી માના મંદિર પાછળ કુદરતી પાણીનો ઝરો છે.પીવા યોગ્ય મીઠું પાણી છે.જ્યારે વપરાશ માટેનું પાણી માતાજીના ઉપરના ભાગે ધર્મેશ્વર મહાદેવ પાસેનું તળાવ છે.સંગ્રહિત પાણીના ટાંકામાંથી નળ મારફત પાણી પણ મળી શકે છે.

આવા આ પવિત્ર અને ધાર્મિક સ્થાન શ્રાવણ માસની અમાસ,ભાદરવા સુદ એકમ,બીજ ત્રણ દિવસ મેળો ભરાય છે.માત્રી મા બ્રહ્મક્ષત્રિય, નાગરો–છાયા, શુક્લ,ત્રિવેદી–ના કુળદેવી છે.અવારનવાર આવી માના દર્શન,હવન,યજ્ઞાદિનો લાભ લે છે.ડુંગર પરના માના સાન્નિધ્યમાં નાગરોની તથા અન્ય ધર્મશાળાઓ છે.જ્યાં રહેવા જમવાની વ્યવસ્થા છે.




મંદિરના બહારના ભાગમાં ડુંગર હેડંબાનો હિંચકો હોવાનું મનાય છે.પાંડવો અત્રે ગુપ્તવેશમાં અહીં રહયા હતા. માત્રી માએ પાંડુ પુત્રોનું રક્ષણ કર્યુ હતું.પાંડવો પૈકી ભીમે અહી

હેડંબા સાથે લગ્ન કર્યાં હતાં.પુત્ર રૂપે ઘટોત્કચ્છની પ્રાપ્તિ થઈ હતી.આ ડુંગર એટલે પવિત્રતાનો અને શ્રદ્ધાનો અહેસાસ,પ્રવાસનો પ્રવાસ,કુદરતી સૌંદર્યનું પાન,ઐતિહાસીક ગાથાએ સંઘરીને બેઠેલો ડુંગર,તેનું જ્ઞાન,માતાજીના દર્શન આરાધના માટેનું ઉત્તમ સ્થળ એટલે ઓમસમ–ઓસમ.વર્ષા ઋતુ પછી છવાયેલી લીલોતરી આંખને ઠારે છે અને લાંબા સમય સુધી સંગ્રહિત થઈ માતાજીની સતત સ્મૃતિ શ્રદ્ધા પ્રેરે છે.

– પિનાકી સૂર્યશંકર શુક્લ,રાજકોટ.મો.૯૪૦૯૫૨૯૩૬૮

## જીવનનાં શિક્ષણની વાત :

પ્રથમ તો ઋષિ તુલ્ય પૂ.વિનોબાજીને યાદ કરૂં તો તેઓ કહેતા કે જે શિક્ષણ વિદ્યાર્થીને સ્વાવલંબી બનાવે તે સાચું શિક્ષણ ગણાય.પગભર થઈ શકે પરિશ્રમનું સમજાય.માત્ર જાણકારી નહિ પણ સ્વતંત્ર રીતે વિચારતો થાય તે અત્યંત જરૂરી.વિદ્યા એ મુક્તિ અપાવે.જીવનનાં શિક્ષણની વાત કરીએ ત્યારે થાય એવું કે મૂળતઃ બાપ દાદાનો ધંધો મૂકી અન્ય રોજગાર શોધવા જતા કદાચ બાવાના બેય બગડે!!શીખતા શીખતા જીવીએ પહેલા જાણીએ પછી અમલમાં મૂકીએ તો શિક્ષણનો બુનિયાદી પાયો મજબૂત બનાવવો એવું મારૂં સૂચન છે.જીવનપથને સમૂળગો દિશા સૂચન કરાવે તે જ તો શિક્ષણનું તેજ માની શકાય છે.

નાનકડું બાળક ગણિતના કોયડા કેમ ઉકેલી શકે તેનું સાદું ઉદાહરણમાં પ્રિય વડીલ ગણિતજ્ઞ મુ.એ.પી.ઓઝાસાહેબ સમજાવતાં કહેતા કે ગણિતની ચડતી ઉતરતી ભાંજની શીખવવા માટે પંખીનું ઉડાન અને તે વૃક્ષ ઉપર બેસે ત્યારે કેટલા ઉડીને આવ્યા ને કેટલા પક્ષીઓએ ઝાડની ડાળી છોડી ઉડાન કર્યું તે સમજાવતા સમજાવતા સરળ ગણિત સમજાવી શકાય અને આમ પ્રકૃતિના સાન્નિધ્યમાં બાળક વિહરતું થાય.આમ જીવનમૂલ્યોના પાઠ પ્રારંભથી શીખતું બાળક તેના જીવનની કેડી કંડારતું જશે.નાની નાની બાબતો જીવનમાં કેટલી જરૂરી બને તેની સમજણ અતિ આવશ્યક છે.જે સાચી કેળવણી છે..જેથી ઘડતર સાથે ભણતર ખીલતું જાય.તે પણ ભાર વગર!

– પ્રકાશ દિનકરરાય હાથી,રાજકોટ.

*Secret Investments or keeping the Investments unknown to your family members may cost you very dearly. Just see the DATA and think yourself.*

Rs. 82,025 cr estimated investor wealth is idling in unclaimed accts.

1. Rs 18381 cr lying in unclaimed bank accts.
2. Rs. 15167 cr lying unclaimed with insurance companies.
3. Rs. 17880 cr lying in inactive mutual fund folios.
4. Rs. 4100 cr of unclaimed dividend lying in IEPF.
5. RS.26497 CR Is lying unclaimed in provident fund acct.

*SOLUTIONS*

1. Keep family informed about finances
2. Always have a nominee
3.write a will
4. Keep updating details, whenever there is a change.
5. Keep your deposit in one branch. If u keep in many branches of multiple banks, your are making way for unclaimed deposit .
6. Keep your trading n demat acct with 1 or 2 brokers. Finally shift to one. Do meet your broker and bank branch managers and maintain relationship. In case of eventuality, they will inform your family.
7. Never invest on your own. Pay a small fee and remain with your advisor. Even if you forget, all your investment info will be with the advisor. He will pass on to your family.

From : Mukeshbhai Rindani,Gandhinagar

*If one understands“the Truth in critisism“and“the Lie in appreciation, “half of his problems“will be solved.“Choice is yours!*

# કાવ્ય મંજરી

સ્વ રચિત - ગમે તો કહો ગમી - મેહુલ ભટ્ટ
મુકો ફૂલોની વાતો, સુવાસ તરફ ધ્યાન આપો,
ન મુઠ પર, ન મ્યાન પર, ધાર તરફ ધ્યાન આપો!
મુકો પળોજણ છંદ, કાફિયા રદીફની હવે,
આ સભા આપે છે તે, દાદ તરફ ધ્યાન આપો!
ફરે છે જણ એક સાવ રઝળતો, વેર વિખેર,
શોધો કારણ, થયેલી ઘાત તરફ ધ્યાન આપો!
વીતી ગઈ રાત અને લો આવ્યો દિવસ નવો,
છોડી ચર્ચસ અંધકારની, ઉજાસ તરફ ધ્યાન આપો
વહેતી હવાઓ, પવનો, તોફાનો બધું હશે જ,
જુઓ ભીતર ભણી, શ્વાસ તરફ ધ્યાન આપો!
રમશે સૌ બાજી પોતાની આવડત મુજબ હવે,
તમે તો જે છે હાથમા તે તાસ તરફ ધ્યાન આપો!
સામે કોણ, કોણ વખાણશે, કોણ સાંભળશે,
મૂકી એ ચિંતા કેવળ સાજ તરફ ધ્યાન આપો!
ચર્ચા ઓ ચાલ્યા કરશે અર્થ વગર અંત વગર અહીં,
અકળામણ છોડો અને સંવાદ તરફ ધ્યાન આપો!
ઘેલાપણું તો પાયાનું લક્ષણ છે આ ભટ્ટજી નું,
કરી એને માફ માત્ર વાત તરફ ધ્યાન આપો!
-મેહુલ ભટ્ટ

કંઇ પણ થતું નથી હવે તારા વિચારમાં,
સ્વપ્નોય આજકાલ મળે છે સવારમાં.
જ્યાં ચાલીએ તે રાહ ને રોકાઇએ તે ઘર,
એવું તે શું કે આખું જીવન જાય દ્વારમાં..!
શ્રધ્ધા તો ઠીક કોઇ અશ્રધ્ધા રહી નથી,
આંખો કરું છું બંધ હવે અંધકારમાં.
ક્ષણભર મેં સાંભળ્યો હતો સાચુકલો અવાજ,
પડઘાઉં છું સદીથી હજી સૂનકારમાં.
કંઇ પણ કરી શકાય છે તારા વિચારમાં,
કંઇ પણ થતું નથી હવે તારા વિચારમાં.
– જવાહર બક્ષી

વસંતની સવાર....
(ગઝલ)
પાંપણ ફરકી, નયણાં જાગ્યાં,
આળસ મરડી શમણાં જાગ્યાં.
હડસેલી બહુ દૂર તિમિરને,
અજવાળાં ઉગમણાં જાગ્યાં.
વાદળમાં અટવાયાં કિરણો,
ગીતો સોનલ-વરણાં જાગ્યાં.
ડાળ ઉપરથી ટહુકો સરક્યો,
રૂમઝૂમ નાદે ઝરણાં જાગ્યાં.
ઝાકળની ઝીણી ઝરમરથી
લીલાંછમ કંઈ તરણાં જાગ્યાં.
વાયુ ભીનો ફર...ફર ...ફરકે,
ભીતર સ્પંદન બમણા જાગ્યાં.
પાનપાનમાં પ્રસરી મર્મર
થાક્યાં વૃક્ષો હમણાં જાગ્યાં.
ફોરમની ભીની ચાદરથી
ફૂલો નાજુક નમણાં જાગ્યાં.
પાંખોમાં નભ લૈ જાગ્યાં પંખી,
ઊડવાનાં સાંભરણાં જાગ્યા.
હળવે ઝૂક્યું કોઈ વદન પર,
રગરગ ચંચલ હરણાં જાગ્યાં.
—આશ્લેષ ત્રિવેદી

છે સાંજે તો એ લોહીની ધાર જેવું
સવારે હશે એ સમાચાર જેવું
અનાસક્તિના મોહની એ ઘડીઓ
કે લાગ્યું હતું એ ય સંસાર જેવું
વાગોવ્યાં અમે ખંજરને નકામાં
તમારી નજરમાં હતું વાર જેવું
ઊઘડતા ઉમંગો હશે બારી પાછળ
નકર હોત ના બન્ધ આ દ્વાર જેવું
બન્યા બુદ્ધિ પાછળ અમે સાવ ઘેલા
ન સમજ્યા હતું દિલ સમજદાર જેવું
રડ્યા તો નયન સાવ હલકા બન્યાં પણ
હસ્યા તો હતું મન વજનદાર જેવું
મને એક દી ચાંદે પૂછી જ લીધું
નથી ભાઈ તારે શું ઘરબાર જેવું
– શેખાદમ આબુવાલા

***Thinking is difficult, "that's why "most people judge! "Dont judge! "Choice is yours!***

માયાબેન : 'પરીક્ષા માટે રાત્રે ખુરશી પર વાંચવા બેસે ત્યારે ઉંઘનું ઝોકુંય ખાવાની કિશોર હિંમત ન કરે એવો આ ઉપાય કર્યો છે!'➔




**રાજકોટના નાગર કિડની પેશન્ટ માટે રાહત દરે દવા મેળવી આપવા નમ્ર અપીલ...**

જ્ઞાતિના કિડની પેશન્ટ રાજકોટ ખાતેની એક ટ્રસ્ટની હોસ્પિટલમા અઠવાડિયામાં બે વાર નિયમિત ડાયાલિસીસ કરાવે છે.તેમને Zytanix5દવાની કાયમી જરૂરીયાત છે.'જેનેરીક કે સબ્સ્ટીટયુટ' દવાની મનાઈ છે અને આ દવા ઘણી મોંઘી છે ને કયારેક મળવી પણ મુશ્કેલ હોવાથી ઝાયડસ કેડીલા કંપનીમાં નોકરી કરતા કે કંપનીના રિપ્રેઝન્ટેટીવ, સ્ટોકીસ્ટ કે ડોકટર દ્વારા ઓળખાણનો ઉપયોગ કરી હોલસેલ ભાવે કે વધુમાં વધુ ડિસ્કાઉન્ટ ભાવે મેળવી આપવા અપીલ કરી છે. ખર્ચ ઘટાડવાનો જ ઉદેશ હોવાથી દાન સ્વીકાર્ય નથી.જેની નોંધ લેશો.વધુ માહિતી માટે ૯૪૦૯૦૧૭૮૫૪ પર સંપર્ક કરશો.


## ABM TRAVELS

**Discover your choice of destination in 2023,** we will make customized tour plan as per your requirement with choice of selected hotels/ resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

*Shimla Manali *Dalhousie *Dharamshala *Amritsar *VaishnoDevi*Ladakh kashmir *Nainital *Corbet *Mussoorie *Darjeeling *Gangtok *Ooty *Coorg*kerala* *Laksha dweep *Andaman *Gauhati *Shilong *Arunachal *Rajasthan *MP *South India *Goa *Nepal *Dubai *Singapore *Thailand *Malaysia*Bali *Maldives *Mauritius *Vietnam *Religious places and many more.

**Avinash Mehta 9820817318**
**abmtravels@gmail.com**


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
**સિદ્ધપુર. મો.૯૮૨૪૩૧૧૬૦૯**


BOOK POST

મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.